# AGRILAND flourish

a thought for biofarming




સંપાદન અને લેખન : ડો. મુકેશ પટેલ, ગની પટેલ, હેમંત રાવલ

## બટાટાની આદર્શ જૈવિક ખેતી

ભારત જેવા દેશમાં વધતી જતી વસ્તીને ખાદ્ય ખોરાક પુરો પાડવા ટુંકી જમીન અને ટાંચા સાધનોમાંથી વધારે ખોરાક ઉત્પન્ન કરવો આવશ્યક છે. બટાટા એ ધાન્યપાકોની સરખામણીમાં ટુંકાગાળામાં એકમ વિસ્તારમાં વધુ ઉત્પાદન આપતો પાક છે. બટાટાની ખેતી કરતા ખેડૂતો સુધારેલી ખેતી અને નિયમીતપણે પાક સંરક્ષણનાં પગલાં લે તો વધારે ઉત્પાદન મેળવી શકે તેમ છે.

### મુખ્ય જીવાતો


કટ વોર્મ


લશ્કરી ઇયળ


સફેદમાખી


મોલો


થ્રીપ્સ


પાનકથીરી


લીલા ચૂસિયા

### મુખ્ય રોગ


અર્લી બ્લાઇટ


લેટ બ્લાઇટ


કોમન સ્કેબ


પટેટો રિંગ રોટ


કાળા ચાંઠાનો રોગ


ગંઠવા કૃમિ

### પોષક તત્વોની ઉણપ

ઝીંક અને સલ્ફર





## જૈવિક વ્યવસ્થાપન

સારી ગુણવત્તા અને રસાયણ મુક્ત બટાટાના વધુ ઉત્પાદન માટે નીચેની આદર્શ કૃષિ પદ્ધતિઓ અપનાવી જોઇએ.

૧. બટાટાના કટકા કર્યા બાદ મોનીટર ૧ કિલો + શંખજીરુ અથવા બોરીક એસીડ પાવડર અથવા ટાલ્ક પાવડરનું મિશ્રણ કરીને બિયારણને પટ આપી વાવેતર કરવામાં આવેતો બટાટાના કટકામાં થતા કોહવારોના રોગને અસરકારક નિયંત્રણ કરીને એક સરખા રોગમુક્ત છોડ ઉગાડીને નિર્ધારીત ઉત્પાદન મેળવી શકાય છે.

૨. બટાકામાં આવતા રોગો મુખ્યત્વે બીજજન્ય હોવાથી રોગમુક્ત પ્રમાણિત બિયારણનો વાવેતર તરીકે ઉપયોગ કરવો.

૩. બિયારણના ટુકડા કરતી વખતે જે કંદમાં રોગ જોવા મળે તે કંદ ફેંકી દેવા અને છરી-ચપ્પુને બટાટા કાપતી વખતે આલ્કોહોલ અથવા આઇ.પી.એ. અથવા ફોર્મલીનના દ્રાવણમાં બોળીને કાપવા.

૪. હિમાચલ પ્રદેશમાંથી આવતા કુફરી ચંદ્રમુખી જાતનાં બિયારણમાં આ રોગનું પ્રમાણ ખાસ જોવા મળે છે જેથી તે વિસ્તારનું બિયારણ ન વાપરતા સપાટ મેદાનમાં બટાટા બીજ ઉત્પાદન પધ્ધતીથી તૈયાર થયેલ પ્રમાણિત બિયારણનો ઉપયોગ કરવો.

૫. પાકની ફેરબદલી તરીકે ટામેટા, મરચી, રીંગણ કે તમાકુ જેવા પાક લેવા નહી પણ ધાન્યપાક અથવા તેલીબિયાં કે કઠોળ પાક લઇ શકાય.

૬. જે ખેતરમાં સ્કેબનું પ્રમાણ વધારે રહેતુ હોય તે ખેતરમાં ૮ કિલો પ્રતિ એકર બોરીક એસીડ ચાસમાં આપવું તથા ઉપદ્રવ થયેલ ખેતરમાં પાક ફેરબદલી તરીકે રજકો અથવા બાજરીનો પાક લેવો.

૭. કૃમિ, રોગકારક બેક્ટેરિયા તથા ફુગના નિયંત્રણ માટે મોનીટર ૫૦૦ ગ્રામ + સુડોઝોન ૧ કિલો જમીનમાં આપવું. તેમજ કિટકોના નિયંત્રણ માટે બાયોસોફ્ટ ૫૦૦ ગ્રામ જમીનમાં આપવાથી કિટકોનો ઉપદ્રવ ઘણો જ ઓછો કરી શકાય.

૮. માઇકોઝોન ૧૦૦ ગ્રામ + બાયોફીલ્ડ કોમ્બો ૩ કિલો જમીનમાં આપવાથી તંતુમૂળનો ખુબજ વિકાસ થાય છે તેમજ જમીનમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ તથા પોટાશના બેક્ટેરિયાની વસ્તી વધવાથી છોડનો વિકાસ ખુબજ સારો થાય છે.

૯. પાક ૪૫ દિવસનો થાય ત્યારે વેનગાર્ડ(૧૫૦૦પી.પી.એમ) ૬૦ મિ.લિ. + બાયોફીલ્ડ પ્રવાહી ૩૦ મિ.લિ. + રનોફ ૫મિ.લિ. (૧૫ લિટરના પંપ પ્રમાણે) નો છંટકાવ કરવાથી ચૂસિયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ અને પાકનો વૃદ્ધિ વિકાસ થવામાં મદદરૂપ થાય છે.

૧૦.પાકનાં ૬૦ દિવસે બાયોસોફ્ટ ૧૫ ગ્રામ + સ્માર્ટઝીંક ૧૫ મિ.લિ. + સેફ્રોન ૫૦ ગ્રામ + રનોફ ૫ મિ.લિ. (૧૫ લિટરના પંપ પ્રમાણે) કરવાથી ચૂસિયા પ્રકારની જીવાત અને ઇયળોનો નાશ થાય છે તથા પાકમાં આવતી ઝીંકની ઉણપ દુર કરી શકાય છે.

૧૧.પાકમાં ૭૫ દિવસે લાઇફલાઇન ૪૫ મિલિ. + એન્ટીટી ૪૫ મિલિ. + રનોફ ૫ મિલિ. (૧૫ લિટરના પંપ પ્રમાણે) કરવાથી આગોતરા તથા પાછોતરા એમ બંને સુકારાના રોગમાં સારુ એવુ નિયંત્રણ લઇ શકાય છે.

૧૨. પાકમાં વાવેતરના ૪૫ દિવસે એગ્રીલેન્ડ સોલાર લાઇટ સ્ટીકી ટ્રેપનો ખાસ ઉપયોગ કરવો.

૧૩. યલ્લો તથા બ્લ્યુ સ્ટીકી ટ્રેપ એકર દિઠ ૪૦ નંગ મુકવા જેનાથી ચૂસિયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ થાય છે.

૧૪. લશ્કરી ઇયળના નિયંત્રણ માટે ફેરોમોન ટ્રેપ એક એકર દિઠ પાંચ નંગ મુકવા.

## એગ્રીલેન્ડના જૈવિક ઉત્પાદનોનું બટાટાના પાકમાં એક એકર દીઠ પ્રમાણ




મોનીટર
૫૦૦ ગ્રામ




સુડોઝોન
૫૦૦ ગ્રામ




બાયોસોફ્ટ
૫૦૦ ગ્રામ




બાયોફીલ્ડ કોમ્બો
૩ કિલો




માઇકોઝોન
૧૦૦ ગ્રામ




રનોફ૧૦૦
૨૫૦ મિલી.




સેફ્રોન
૧ કિલો




બાયોફીલ્ડ
૧ લિટર




સ્માર્ટઝીંક
૫૦૦ મિ.લી.




વેનગાર્ડ ૧૫૦૦ ppm
૧ લિટર




એન્ટીટી
૫૦૦ મિ.લી.




લાઇફલાઇન
૫૦૦ મિ.લી.

નોમેટ
ફેરોમોન
ટ્રેપ
૫ નંગ






સોલાર લાઇટ
સ્ટીકી ટ્રેપ ૧ નંગ





યલ્લો સ્ટીકી ટ્રેપ -બ્લ્યુ સ્ટીકી ટ્રેપ
૪૦ નંગ

AGRILAND

Surface Technology | ISO 9001:2015 | IMO Approved | CRISIL MSE 2 Rated Company | DSIR Approved R&D Center | ZED Certification | GeM Approved

એગ્રીલેન્ડ બાયોટેક લીમીટેડ, ૩૬,પ્રીન્સ ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, મોટા-મોતીપુરા(સમલાયા), ૩૯૧૫૨૦, તા.સાવલી, જી.વડોદરા,ગુજરાત. મો.૯૮૮૭૬૭૧૫૫૫